રોટી-રહેઠાણ અને રોજગારનો નવતર સંદેશો આપી બાપૂ મેદાન મારી ગયા

ભાજપ-કોંગ્રેસ હજુ ગડમથલમાં છે ત્યારે મિડિયા જાહેરાતો દ્વારા પ્રજા વચ્ચે સૌથી પહેલું પહોંચ્યુ જનવિકલ્પ

ગાંધીનગર,તા.૪

સત્તા મળે તો ગુજરાતની પ્રજા માટે શું કરશે તેવો સંદેશો મિડિયા જાહેરાતો દ્વારા આપવામાં ભાજપ-કોંગ્રેસ હજુ ભારે ગડમથલમાં છે ત્યારે જનવિકલ્પના પ્રણેતા શંકરસિંહ વાઘેલાએ પહેલાં ઘા રાણાની જેમ

પહેલો ઘા બાપૂનો કહેવત સાર્થક કરીને ગુજરાતના મિડિયામાં પ્રથમ જાહેરાત રિલિઝ કરીને પોતાની સરકારનો રોટી-રહેઠાણ અને રોજગારનો નવતર સંદેશો આપીને ચૂંટણી જંગમાં મેદાન માર્યું છે.

રાજકીય સૂત્રોએ જણાવ્યું કે ગુજરાતની પ્રજા ભાજપ-કોંગ્રેસ આગામી પાંચ વર્ષમાં શું કરવા માંગે છે તેની આતુરતાપૂર્વક રાહત જોઈ રહ્યા છે ત્યારે જનવિકલ્પ પાર્ટીએ જાહેર કર્યું છે કે તેમની સરકાર ગુજરાતની ૬ કરોડની જનતા માટે રોટી,રહેઠાણ અને રોજગારની વ્યવસ્થા કરશે. સૂત્રો માને છે કે કેટલાક વિરોધી તત્ત્વો દ્વારા જનવિકલ્પ પાર્ટી અને શંકરસિંહ વિશે એવો પ્રચાર કરતા હતા કે બાપુ ગુજરાતના રાજકારણમાં ખોવાઈ ગયે છે,બાપુની પાર્ટી ભાજપની બી ટીમ છે અને તૂટી ગઈ છે. બાપુ પતી ગયા છે એવો કુપ્રચાર બદઈરાદાપૂર્વક ચલાવવામાં આવ્યો. પરંતુ શંકરસિંહ વાઘેલાએ વટ કે સાથ સૌથી પહેલાં મિડિયા જાહેરાત રીલીઝ કરીને પોતાના વિરોધીઓને જડબાતોડ જવાબ આપ્યો છે અને મિડિયા રિલિઝ પ્રચારમાં શંકરસિંહે સૌથી અગ્રેસર રહ્યા છે. મિડિયા રિલિઝ દ્વારા પ્રજાની વચ્ચે પહોંચવામાં શંકરસિંહ સૌથી પહેલાં રહ્યા છે. ભાજપ-કોંગ્રેસ હજુ સોને મઢેલો શબ્દોમાં ઢંઢેરા તૈયાર કરવામાં વ્યસ્ત છે અને સોને મઢેલા રૂપાના શબ્દો દ્વારા ગુજરાતની પ્રજાને છેતરવાના ઢંઢેરા નહીં પણ વાયદા બજારનો મેનીફેસ્ટો તૈયાર કરી રહ્યા છે ત્યારે શંકરસિંહ વાઘેલાએ સુસ્પષ્ટ શબ્દોમાં સટીક મુદ્દો જાહેર કર્યો છે અને રોટી-રહેઠાણ રોજગાર આપવાની જાહેરાત કરી છે. લોકોમાં આ થ્રી-આર એટલે કે રોટી,રહેઠાણ અને રોજગારનો મુદ્દો ગરમાગરમ શીરાની જેમ ગળે ઉતરી ગયો છે. કેમ કે ગુજરાતની પ્રજાને હવે સોને મઢેલા શબ્દોના ઢંઢેરામાં કે સંકલ્પ પત્રમાં હવે કોઈ વિશ્વાસ રહ્યો નથી. બાપૂની સરકાર વાયદાની નહીં પણ ફાયદાની સરકાર હશે અને તેમાં લોકોને જ રોટી,રહેઠાણ,રોજગારનો ફાયદો થવાનો છે. મિડિયા રિલિઝમાં જેમ શંકરસિંહ સૌથી આગળ રહ્યા તેમ ગુજરાતમાં સરકાર બનાવવામાં પણ સૌથી આગળ રહેશે એમ પણ સૂત્રોએ જણાવ્યું હતું.

રાહુલ ગાંધીને જીએસટીની સમજ નથી : જેટલી

સમાજને જાતિના નામ ઉપર વિભાજિત કરવાની કોંગ્રેસની રમત : દુનિયાભરમાં જીએસટીની પ્રશંસા થઇ રહી છે : વર્ષોથી કોંગ્રેસ પક્ષની લડાઈ એક વ્યક્તિની સામે રહી છે : મોદી અને અમિત શાહ પણ પ્રચારમાં ઉતરશે

અમદાવાદ, તા. ૪

ગુજરાતના પ્રવાસે પહોંચેલા નાણામંત્રી અરુણ જેટલીએ આજે કહ્યું હતું કે, કોંગ્રેસની પાસે હવે કોઈ મુદ્દા નથી જેથી કોંગ્રેસ પાર્ટી સમાજને જાતિના નામ ઉપર વિભાજિત કરવાનું કામ કરી રહ્યું છે. નાણામંત્રીએ સાફ શબ્દોમાં કહ્યું હતું કે, રાહુલ ગાંધી જીએસટીને સમજી રહ્યા નથી. નાણામંત્રીએ દાવો કર્યો હતો કે, તેઓ નક્કરપણે માને છે કે, રાહુલ ગાંધી જીએસટીને સમજી રહ્યા નથી. જ્યાં તેમની પાર્ટીની કોંગ્રેસ સરકાર છે ત્યાના નાણામંત્રી આ નિર્ણયથી વાકેફ છે. માત્ર તકના નામ ઉપર નિવેદનબાજી કરવાથી એવું લાગે છે કે, રાહુલ ગાંધીને જીએસટીની સમજ નથી. જીએસટીની વ્યવસ્થાથી દેશની અર્થવ્યવસ્થાને ફાયદો મળી રહ્યો છે. દુનિયાભરમાં આની પ્રશંસા થઇ રહી છે. ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીમાં પાર્ટીની શાનદાર જીત થશે. તેમણે કહ્યું હતું કે, દરેક ચૂંટણી માટે પોતાના અલગ એજન્ડા હોય છે અને તે એ વખતે મતદારોને પ્રભાવિત કરે છે. તેમણે વિશ્વાસ સાથે કહ્યું હતું કે, વિધાનસભાની ચૂંટણીમાં અમારી શાનદાર જીત થશે. જ્યારે મોદી ગુજરાતના મુખ્યમંત્રી બન્યા હતા ત્યારે તેઓએ નિર્ણય લીધો હતો કે ગુજરાત માટે એજન્ડા માત્ર વિકાસ અને પ્રગતિનો રહેશે. અમે સતત વિકાસ અને પ્રગતિની રાજનીતિ રમતા રહ્યા છે. ૨૦૦૨ની સ્થિતિમાં તંગદિલીપૂર્ણ સ્થિતિ હતી. આવી ઘટનાઓની મતદારોની સીધી અસર થાય છે. મોદી મુખ્યમંત્રી બન્યા ત્યારે તેઓએ નક્કી કર્યું હતું કે, વિકાસના

મુદ્દાથી આગળ વધવાની જરૂર છે.

જેટલીએ એમ પણ કહ્યું હતું કે, વિકાસના મુદ્દા ઉપર આગળ વધવાને લઈને મોદીએ નિર્ણય લીધા બાદ રસ્તા સરળ બન્યા હતા. ગુજરાતમાં સંપૂર્ણપણે શાંતિ અને ભાઈચારાની સ્થિતિ રહી છે. આવી સ્થિતિમાં અમારી જે શબ્દાવલી હતી તે વિકાસની બાબત હતી. એવા વર્ષોમાં અમે ગુજરાત રમખાણોના મામલામાં ફસાવીને આગળ વધવાના પ્રયાસ કરવામાં આવ્યા હતા પરંતુ અમે રમખાણોના મામલામાં ફસાઈને રહ્યા ન હતા અને વિકાસ ઉપર જ ધ્યાન કેન્દ્રિત કર્યું હતું.

ગુજરાતમાં ભાજપ ૩/૪ બહુમતિ મેળવશે : શાહ

વિકાસના મુદ્દે ચૂંટણી લડવા કોંગ્રેસને ખુલ્લો પડકાર ફેંક્યો : પાંચ દિવસના સંગઠનાત્મક ઝંઝાવાતી પ્રવાસના પ્રથમ દિવસે કોંગ્રેસ પાર્ટી ઉપર ખોટા આંકડા રજૂ કરવાનો આરોપ : કોંગ્રેસ માટે વિકાસ મજાક : શાહ

અમદાવાદ, તા. ૪

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે પાંચ દિવસના સંગઠનાત્મક ઝંઝાવતી પ્રવાસના પ્રથમ દિવસે જ કોંગ્રેસ ઉપર તેજાબી પ્રહારો કર્યા હતા અને વિકાસના મુદ્દે ચૂંટણી લડવા ખુલ્લો પડકાર ફેંક્યો હતો. સાથે સાથે ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ ૩/૪ બહુમતિ સાથે જીત મેળવશે તેવો દાવો પણ કર્યો હતો. અમિત શાહે રાહુલને પાંચ સણસણતા પ્રશ્નો પણ કર્યા હતા. અમિત શાહે કહ્યું હતું કે, રાહુલ ગાંધી એનજીઓના ખોટા આંકડા રજૂ કરીને રાજયની પ્રજામાં ખોટી માહિતી ફેલાવી રહ્યા છે. અમિત શાહના આજથી પ્રારંભ થયેલા પાંચ દિવસના સંગઠનાત્મક ઝંઝાવાતી પ્રવાસના પ્રથમ દિવસે તેઓએ ગાંધીધામ ખાતે પત્રકાર પરિષદને સંબોધતા ગુજરાત વિધાનસભાની આવી રહેલી ચૂંટણીમાં ભાજપ ૩/૪ બહુમતિ સાથે વિજયી થશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. તેઓએ કોંગ્રેસ જ્યારે જ્યારે ચૂંટણી આવે છે ત્યારે ત્યારે દેખાય છે. ગુજરાતમાં ચૂંટણી પુરી થઈ જાય છે ગુજરાતમાં કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ જ્યારે આવે છે ત્યારે ગુજરાતની જનતાને કેટલાક પ્રશ્નોના જવાબ આપે તેવી પણ માંગણી કરી હતી. રાહુલ ગાંધીને સીધા પાંચ પ્રશ્નો કરતા કહ્યું હતું કે, નર્મદા યોજનાની

મંજુરી કેમ ના આપી, નર્મદા ડેમના દરવાજા બંધ કરવાની મંજુરી કેમ નામ આપ, કચ્છને રણ વિસ્તારની સ્પેશિયલ ગ્રાન્ટ કેમ ન આપી, પાટનગર ગાંધીનગરને કેન્દ્રની ગ્રાન્ટ કેમ નહોતી આપી અને ગુજરાતને ફ્રૂડ ઓઈલ-ગેસ રોયલ્ટીની ગ્રાન્ટમાં વર્ષો સુધી અન્યાય કેમ કર્યો હતો.

તેઓએ પત્રકારોને સંબોધનમાં જણાવ્યું હતું કે, ૧૯૯૦થી ૨૦૧૭ સુધી નગરપાલિકાની ચૂંટણી હોય, વિધાનસભાની ચૂંટણી હોય કે લોકસભાની ચૂંટણી હોય ભાજપા હમેશા જીતતું આવ્યું છે, ગુજરાતની જનતાને ભાજપને પ્રેમ આપ્યો છે, આશીર્વાદ આપ્યા છે, ભાજપનું સંવર્ધન અને પરામર્જન કર્યું છે. ભાજપ તેનો ઋણી છે અને આભારી છે. ૨૦૦૧થી ૨૦૧૪ સુધીનો ગુજરાતની ભાજપ સરકારનો કાર્યકાળ ગુજરાતના વહીવટ, સેવાકીય કાર્યો અને ગુજરાતની વિકાસયાત્રાનો સુવર્ણકાળ રહ્યો છે.

સુરતમાં ટીપી સ્કીમોના કેસોમાં ૩૦ હજાર કરોડનું કાંડ : મોઢવાડિયા

જય શાહની કંપની કરોડોનો નફો રળતી કેવી રીતે થઇ તે ટેકનિકને મોદીએ બેરોજગાર યુવાનોને શીખવવી જોઇએ

અમદાવાદ, તા.૪

ભાજપ સરકારના શાસનમાં સુરતની ટીપી સ્કીમના ઓઠા હેઠળ આચરાયેલા હજારો કરોડ રૂપિયાના કૌભાંડનો ગુજરાત કોંગ્રેસના સિનિયર નેતા અને પૂર્વ પ્રદેશ પ્રમુખ અર્જુનભાઈ મોઢવાડિયાએ આજે પર્દાફાશ કર્યો હતો. આરટીઆઈ હેઠળ મેળવાયેલી માહિતીનો આધાર ટાંકી મોઢવાડિયાએ પત્રકાર પરિષદમાં સુરતમાં જુદી જુદી ૧૨૮ જેટલી ટીપી સ્કીમોમાં ૪૦ ટકા કપાતનો નિયમ લાગુ નહી કરી આશરે ૫૦ લાખ, ૨૦ હજાર ચોરસમીટર જેટલી વિશાળ જમીનો બારોબાર બિલ્ડરોને પધરાવી દઈ ભાજપ સરકારે રૂ.૩૦ હજાર કરોડનું મસમોટુ કૌભાંડ આચર્યું હોવાનો ગંભીર આક્ષેપ કર્યો હતો. મોઢવાડિયાએ આ સમગ્ર પ્રકરણમાં ન્યાયિક તપાસની માંગણી પણ કરી હતી.

કોંગ્રેસ પક્ષના સિનિયર નેતા અર્જુનભાઈ મોઢવાડિયાએ આજે ભાજપ સરકાર પર ગંભીર આક્ષેપો કરતાં જણાવ્યું હતું કે, ભાજપે છેલ્લા ૨૨ વર્ષના તેના શાસન દરમ્યાન ટીપી સ્કીમો મૂકવામાં અને નહી મૂકવામાં કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર આચર્યો છે. આ તો રાજય સરકાર છે કે, લૂંટારૂ ટોળકી? સુરતની જુદી જુદી ૧૨૮ જેટલી ટીપી સ્કીમો હેઠળ ૫૦ લાખ, ૨૦હજાર ચોરસમીટરથી વધુ જમીન ભાજપ સરકારે બિલ્ડરોને પધરાવી દીધી અને અંદાજે રૂ.૩૦ હજાર કરોડનો મસમોટો ભ્રષ્ટાચાર આચર્યો. હકીકતમાં ૪૦ ટકા કપાતના નિયમ પ્રમાણે આટલી જમીનો બિલ્ડરો પાસેથી લેવાની થાય પરંતુ ભાજપ સરકારે બિલ્ડરોને છૂટા હાથે લ્હાણી કરી હજારો કરોડ રૂપિયા ખંખેરી લીધા.

સરકારના કાર્યક્રમોમાં વૃક્ષોનું જતન જ્યારે ધાનેરામાં સૉ મિલોમાં વૃક્ષોનું થતું પતન

ધાનેરા, તા. ૩

સરકારશ્રી પ્રદૂષણ મુક્ત ભારત બનાવવા માટે અનેક યોજનામાં કરોડો રૂપિયા ખર્ચ કરે છે. ત્યારે ધાનેરા તાલુકામાં ખુલ્લેઆમ વૃક્ષોનું પતન થતું જોવા મળે છે. લીલા વૃક્ષો કપાઈ રહ્યા છે અને સૉ મિલોમાં રાત્રીના સમયે ટ્રેક્ટરો દ્વારા આ વૃક્ષો સૉ મિલોમાં ઠલવાય છે. જો મીલાવાળા કાયદેસર અને નિયમો મુજબ ચાલતા હોય તો આ વૃક્ષોની હેરાફેરી રાત્રીના સમયે કેમ થાય છે ? દિવસે કેમ નહિ ? ધાનેરામાં અનેક બેન્સાઓ લાયસન્સ વગરના અને નિયમો વિરૂદ્ધ પણ ચાલતા હોવાની શંકા લાગી રહી છે. આ બાબતે કલેક્ટરશ્રી યોગ્ય પગલા ભરે અને ધાનેરા મામલતદાર શ્રી રાત્રીના સમયે હેરા-ફેરી કરતાં ટ્રેક્ટરોને સીલ કરી મોટા દંડ આપે અને લાલ આંખ કરી કાયદાનું પાલન થાય તેવું લોકો ઈચ્છી રહ્યા છે.

વીર શહીદ પ્રદિપસિંહનો સન્માન સહિત અંતિમસંસ્કાર

અંતિમયાત્રામાં હજારો લોકો સ્વયંભુ જોડાયા : શહીદો અમર રહોના નારા : સૈન્ય સન્માનની સાથે અંતિમ યાત્રા નીકળી : ગાર્ડ ઓફ ઓનર : દેશભકિત નારા ગુંજ્યા

અમદાવાદ,તા.૪

જમ્મુ-કાશ્મીરના પુલવામા સાંબૂરા ખાતે આંતકવાદીઓ સાથેની અથડામણમાં શહીદ થયેલા અમદાવાદ શહેરના મેઘાણીનગર વિસ્તારમાં રહેતા વીર જવાન પ્રદીપસિંહ કુશવાહની આજે સૈન્ય સન્માન સાથે અંતિમ યાત્રા નીકળી હતી. જેમાં હજારોની સંખ્યામાં લોકો સ્વયંભુ રીતે જોડાયા હતા. અંતિમયાત્રામાં લોકોએ જોરદાર રીતે વંદે માતરમ્, ભારત માતા કી જય, પ્રદીપસિંહ અમર રહો ના નારા લગાવતાં દેશભકિતનો માહોલ છવાઈ ગયો હતો. વીર શહીદના સૈન્ય સન્માન સાથે અંતિમ સંસ્કાર વખતે

ભલભલાની આંખો ભીની થઈ ગઈ હતી. સૌકોઈએ સલામી કરી વીર શહીદ પ્રદીપ કુશવાહને અંતિમ વિદાય આફી હતી. શહેરના મેઘાણીનગર વિસ્તારમાં ભાર્ગવ રોડ પર રહેતો ૨૩ વર્ષીય જવાન પ્રદીપસિંહ કુશવાર ગુરૂવારે જમ્મુ-કાશ્મીરના પુલવામાના સાંબૂરા ખાતે આંતકવાદીઓ સાથેની અથડામણમાં શહીદ થયો હતો. એક તરફ તેના પરિવારજનો, મિત્રવર્તુળ સહિતના લોકોમાં ઉંડા શોક અને આઘાતનો માહોલ છવાયેલો હતો, ત્યારે બીજીબાજુ, ગઈકાલે સાંજે ૫-૪૫ વાગ્યાની આસપાસ શહીદ જવાન પ્રદીપસિંહ કુશવાહનો પાર્થિવદેહ ભારતીય વાયુદળના વિમાન મારફતે અમદાવાદ એરપોર્ટ પર લવાયો હતો, જયાં રાજયના ગૃહપ્રધાન પ્રદીપસિંહ જાડેજા, લશ્કરના અધિકારીઓ સહિતના મહાનુભાવોની હાજરીમાં શહીદ જવાન પ્રદીપસિંહ કુશવાહને ગાર્ડ ઓફ ઓનર અપાયું હતું અને તેમના મૃતદેહને ભારે સન્માન સાથે તેના નિવાસસ્થાને લાવવામાં આવ્યો હતો. શહીદનો મૃતદેહ આવતાની સાથે જ પરિવારજનો, નજીકના મિત્રવર્તુળ અને ઉપસ્થિત વિશાળ જનસમુદાયમાં શોકની લહેર છવાઈ ગઈ હતી.

જાણીતા ગાયક કલાકાર દર્શન રાવલના માતૃશ્રી રાજલ રાવલનું અવસાન

મહેસાણા, તા. ૪

મહેસાણા જિલ્લાનાં વિજાપુર ખાતે આવેલ વૈશાલી સોસાયટીમાં રહેતાં વરિષ્ઠ પત્રકાર રાજેન્દ્રભાઈ રાવલ ના ધર્મપત્ની તથા સિંગર દર્શન રાવલ ના મમ્મી રાજલબેન (જયોત્સના બેન)રાવલ નું આકસ્મિક રીતે દુ:ખદ અવસાન થતાં જેમણી અંતિમ યાત્રા વિજાપુર ખાતે થી તેમણાં નિવાસસ્થાને આજે સવારે સાત વાગ્યે અંતિમ યાત્રા

નિકળશે .

આજે રાજપૂત સમાજનું મોગલધામ ખાતે સંમેલન

અમદાવાદ,તા.૪

ભાવનગર જિલ્લાના બુધેલ ગામના રાજપૂત સમાજના સરપંચ દાનસંગ મોરી પર રાજકીય દ્વેષભાવ રાખી ભાજપના પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણી દ્વારા કરાયેલા કથિત અત્યાચારો અને ષડયંત્રોના વિરોધમાં ગુજરાતના સમગ્ર રાજપૂત સમાજે બાંયો ચડાવી છે અને લડાયક મૂડમાં આવી ગયું છે. આવતીકાલે જીતુ વાઘાણીના વિરોધમાં ગુજરાતભરના રાજપૂત સમાજના એક લાખ લોકોનું મહાસંમેલન બાવળાના ભાયલા ગામના મોગલધામ ખાતે મહાસંમેલન યોજાનાર છે.

રાજપૂત સમાજના આગેવાનોએ આજે ભાજપના પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણીનું આ સમગ્ર મામલામાં રાજીનામું માંગી એવી માંગણી કરાઈ હતી કે, વાઘાણી રાજપૂત સમાજની અને જેને ભોગ બનાવાયા છે તે દાનસંગ મોરીની જાહેરમાં માફી માંગે. ભાજપ સરકાર વાઘાણી સામે કાયદાનુસાર કાર્યવાહી કરે.

કંપની સમાચાર

મારૂતી સુઝુકી ARENAનું ગુજરાતમાં આગમન

અમદાવાદમાં બે ARENA શો-રૂમનો પ્રારંભ

મારૂતી સુઝુકી ઈન્ડીયા લિમિટેડ દ્વારા આજ રોજ ગુજરાતમાં "મારૂતી સુઝુકી ARENA" તેના ટ્રાન્સફોર્મ્ડ રીટેઈલ નેટવર્કનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. કંપનીએ અમદાવાદમાં સાણંદ અને વસ્ત્રાલ ખાતે બે મારૂતી સુઝુકી ARENA શો-રૂમનું ઉદ્‌ઘાટન કર્યું છે. મારૂતી સુઝુકી ARENA હવે પછી ગુજરાતમાં અન્ય વિસ્તારોમાં પણ ખોલાશે. સમગ્ર ભારતમાં ૨૦મો અને ૨૧મો મારૂતી સુઝુકી ARENA શો-રૂમ હશે.

આવા નવા શો-રૂમની રેન્જ, ગ્રાહકોને અનુકુલ અને આરામદાયક વાતાવરણ તથા સ્પોર્ટ મોડર્ન લુકની સાથો સાથ ડીજીટલ ટેકનોલોજીને લક્ષ્યમાં રાખી, મારૂતી સુઝુકી ARENA ગ્રાહકોને વૈવિધ્ય પણ આપશે. ગુજરાતમાં કંપનીના માનવંતા ગ્રાહકો માટે મારૂતી સુઝુકી ARENA ની શરૂઆત કરતા મારૂતી સુઝુકીના મેનેજીંગ ડાયરેક્ટર અને સીઈઓ શ્રી કેનીચી આયુકાવા એ કહ્યુ કે "મારૂતી સુઝુકી ARENA અમારા નેટવર્કને બદલવા અને ગ્રાહકોની અપેક્ષાઓને પુરીકરવાની અમારી રણનીતીના પ્રમુખ છે. ગુજરાતમાં છઈઈદ્રછ ડિલરશીપના પ્રારંભની સાથે, અમારો ધ્યેય એક રોમાંચક ખરીદીનો અનુભવ સાથે પારદર્શીતા અને ગ્રાહકોનો આનંદ વધારવાનો છે. તેની શ્રેષ્ઠ ઈન્ફ્રાસ્ટ્રક્ચરલ ક્ષમતાઓના કારણે, ગુજરાત અમારા માટે એક મહત્વપૂર્ણ બજાર છે. જેનું ૨૦૧૭-૧૮ ના પહેલા છ મહિનામાં મારૂતી સુઝુકીના કુલ વેચાણમાં લગભગ ૧૦% યોગદાન છે. અમને વિશ્વાસ છે કે ગુજરાતમાં ગ્રાહકોને ARENA ની સાથે સીમલેસ ડીજીટલ એકીકરણ અને શો-રૂમના નવી શ્રેણીની પ્રશંસા કરશે."

જીએસટીનો બોજ

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતી તે તમામ લોકો જાણે છે. તેઓ એક માત્ર એવા વડાપ્રધાન છે જે વર્લ્ડ બેંકની ઈમારતને જોઈ શક્યા નથી જ્યારે પહેલા વર્લ્ડબેંકને ચલાવનાર લોકો જ સરકારમાં હતા. વર્લ્ડબેંકના રેંકિંગ ઉપર પ્રશ્નો ઉઠાવવાના બદલે મળીને ન્યુ ઈન્ડિયા બનાવવા આગળ આવવાની જરૂર છે. તેમણે ઉમેર્યું હતું કે, મજબૂત રાજકીય ઈચ્છાશક્તિના પરિણામે દેશમાં કારોબારનો માહોલ શાનદાર બની રહ્યો છે. અમે ઝડપથી સુધારા કરી રહ્યા છીએ. ટિકાકારો કરનારને પણ અમારી વાત સમજાઈ રહી નથી. ટિકાકારો ઝડપથી થઈ રહેલા સુધારાઓને બચાવી શકવાની સ્થિતિમાં નથી. જીએસટીની તકલીફો દૂર કરાઈ રહી છે. રાહુલ ગાંધી હાલમાં નોટબંધી અને જીએસટીને લઈને પ્રહાર કરી રહ્યા છે. મોદીએ આ કાર્યક્રમમાં જીએસટીમાં રહેલી તકલીફોને દૂર કરવાની પણ ખાતરી આપી હતી. તેમણે ઉમેર્યું હતું કે, ખુબ મોટા પાયે ટેક્સ સુધારાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે જેથી તકલીફોને દૂર કરવાની પણ જરૂર દેખાઈ રહી છે. તમામ સમસ્યાઓને વહેલીતકે દૂર કરાશે.

અર્થતંત્રના હિત માટે પરોક્ષ કરવેરા વ્યવસ્થામાં વધુ સુધારા ઉપર પણ વિચારણા કરાશે. જીએસટીની સાથે અમે આધુનિક ટેક્સ વ્યવસ્થાની દિશામાં વધી રહ્યા છીએ જે વધારે પારદર્શક, સ્થિર અને ટકાઉ છે. જીએસટીના અમલીકરણ વેળા આ તમામ બાબતોને ધ્યાનમાં લેવાઈ છે.

ભાગદોડ

● અનુસંધાન પહેલાનું ચાલુ

આજે સવારે બેગુસરાયના સિમરિયા ઘાટ પર સ્નાન કરવા માટે મોટી સંખ્યામાં લોકો એકત્રિત થયા હતા. આ ગાળા દરમિયાન ભાગદોડ મચી જવાથી ત્રણ લોકોના મોત થઈ ગયા હતા. અનેક લોકો ઘાયલ થયા હતા. જે તમામને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ઘાયલ થયેલા લોકોની સંખ્યા ૧૦ દર્શાવવામાં આવી છે.દરમિયાન બિહારના મુખ્યપ્રધાન નિતીશ કુમારે ભાગદોડની ઘટના અંગે દુખ વ્યક્ત કર્યુ છે. સાથે સાથે આ બનાવમાં મૃત્યુ પામેલા લોકોના પરિવારના સભ્યોને ચાર ચાર લાખ રૂપિયાના વળતરની જાહેરાત કરી છે. ભાગદોડની ઘટનાને લઈને પૂર્વ નાયબ મુખ્યપ્રધાન તેજસ્વી યાદવે ટ્વીટ કરીને કહ્યુ છે કે મૃતકોના પરિવાર પ્રત્યે તેઓ પ્રાર્થના કરે છે. તેજસ્વીએ સરકાર પર પ્રહારો કરતા કહ્યુ છે કે મોટી સંખ્યામાં લોકો એકત્રિત થનાર છે તે બાબતની માહિતી હોવા છતાં પુરતી વ્યવસ્થા રાખવામાં આવી ન હતી. નીતિશ સરકારને આના માટે જવાબદારી સ્વીકારી લેવી જોઈએ. હિન્દુ ધર્મમાં કાર્તિકી પુનમનુ ખાસ મહત્વ રહેલુ છે. શાસ્ત્રોમાં આ દિવસે ગંગા સ્નાન કરવાનુ ખાસ મહત્વ દર્શાવવામાં આવ્યુ છે. કાર્તિક પુનમના પર્વને દેશના લોકો ભવ્ય અને પરંપરાગત રીતે દર વર્ષે ઉજવે છે. આ પ્રસંગે બિહારના ગંગા ઘાટ પર લાખો શ્રદ્ધાળુઓ એકત્રિત થાય છે.

વકરતો વિવાદ

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. સંજય લીલા વારંવાર કહી ચુક્યા છે કે ફિલ્મમાં રાજપુતના ગર્વને નુકસાન થાય તેવા કોઈ સીન અને શબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો નથી. પદ્માવતિમાં કામ કરવાને લઈને દિપિકાને ફી અંગે પુછવામાં આવતા સાફ શબ્દોમાં કોઈ જવાબ આપ્યો ન હતો. માત્ર રાજસ્થાનમાં જ નહી બલ્કે ગુજરાતના કેટલાક ભાગોમાં પણ ફિલ્મને લઈને નારાજગી છે. આ ફિલ્મમાં દિપિકા પદ્માવતિના રોલમાં છે. જ્યારે શાહિદ કપુર રતનસિંહના રોલમાં છે. આવી જ રીતે રણવીર સિંહ અલાઉદ્દીન ખિલજીના રોલમાં છે.

હા, સાહેબ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગુમાવી દેવાથી પરિણામ નથી આવતું..! થાય એ તો ભુલો તો..!! આપણને કોઈ આ પક્ષ કે પેલા પક્ષમાં રસ નથી... આપણને રસ છે લોકશાહીની પરંપરામાં... આપણને રસ છે આવતીકાલના ઉજ્જવળ ગુજરાતના નિર્માણનો..! આપણને રસ છે ગુજરાતના ગૌરવમાં..!"

"પણ સાહેબ, તમે કોછો એ બધી વાત સાચી..! પણ આવા વામણાઓ પાસેથી શું અપેક્ષા રાખવી..?! આજે બોલ્યા કાલે ફોક..! અહીં બોલ્યા ત્યાં ફોક..! અભી બોલ્યા અભી ફોક..!! કેવી રીતે વિશ્વાસ ઉભો કરવો સમજાતું જ નથી..?!'.

"જો ભાઈ તારી વાત સાચી છે..! કે રાજકારણમાં ખરાબી છે... બધા ખોટું જ બોલે છે... ખોટો દેખાડો કરે છે... પણ આપણું કામ ચારણીનું છે..! ચાળી ચાળીને સારૂ સારૂ રાખવાનું છે..! સારૂ નહિ તો ઓછુ ખરાબ પસંદ કરવાનું છે..!! આ એકમાત્ર વિકલ્પ છે..!"

"...ને મારો સંકલ્પ છે... મત આપીશ-યોગ્યતા તપાસી અને ચકાસીને આપીશ..!!"

- નિમિત્ત માત્ર